**મે. અમદાવાદ એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટેટ કોર્ટ નં. ૧૨ સાહેબની કોર્ટમાં. મુ. અમદાવાદ**

**ફોજદારી કેસ નં. ૩૮૦૨૪ /૧૭**

ફરિયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– સોહેલ શેખ

**ગુન્હો :–** જીપી એકટ ૧૩૫ (૧)મુજબ.

## ઠરાવ

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ જીપી એકટ ૧૩૫ (૧) મુજબનો ગુનો કરેલ હોવા બાબતની ફરિયાદીની ફરિયાદ આધારે પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ જીપી એકટ ૧૩૫ મુજબના ગુન્હા નું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં અને આરોપીને સમન્સ કરતાં આરોપી આજરોજ કોર્ટ રૂબરૂ હાજર રહેતા અને તેની સામેનો ગુનો તેઓ જાતે કબુલ કરવા માંગતા હોય અને તે અંગેની ગુન્ઓ કબુલ કરતી લેખિત ગુન્હા કબુલાત પુરશીશ રજુ કરતા તેને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીને તેની સામે આક્ષેપાયેલા ગુન્હા અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ સ્વેચ્છાએ કોઈપણ જાતના દબાણ વગર ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે જેથી આરોપીનું સદર ગુના અંગેનું નિવેદન નોંધતા તેમા પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આમ આરોપી તેની સામેનો ગુન્હો સ્વૈચ્છિક રીતે કબુલ કરતો હોય

અને તે અંગેની  લેખિત ગુન્હા કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તેમજ આરોપીનું નિવેદન નોંધવામાં આવતાં તેમા પણ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આરોપીએ તેની ગુના કબુલાત પુરશીશમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ– મજૂર વર્ગનો માણસ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ફરી આવો ગુનો નહી કરે તેમ જણાવે છે, જેથી આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહું ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **:– હુકમ –:**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે તેઓની સામેના જીપી એકટ ૧૩૫ (૧) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી, જીપી એકટ ૧૩૫(૧) માં રૂા. ૫૦૦/– (અંકે રૂા. પાચ સો પુરા) દંડ અન કુલ દંડ રૂા. ૫**૦૦/–** (અંકે રૂપિયા પાંચસો પુરા) અને આરોપી જો દંડની રકમ ન ભરે તો ૧૦ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૯/૦૩/૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૦૯/૦૩/ ૨૦૧૯

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
I/C એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૨, અમદાવાદ.
કોડ નં. જી.જે. ૦૧૦૨૩